દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે મિત્રતાનો નવો અધ્યાય શરૂ થશે?

બાંગ્લાદેશમાં બીએનપીને જંગી બહુમતિ મળ્યા બાદ આ પક્ષના વડા અને ભૂતપૂર્વ વડાપ્રધાન ખાલેદા ઝિયાના પુત્ર તારીક રહેમાનના વડાપ્રધાનપદ હેઠળ નવી સરકાર મંગળવારે રચાઇ ગઇ છે. તારીક અને તેમના સાથીદારોએ શરૂઆતમાં તો ભારત સાથે સારા સંબંધો રાખવાના સંકેતો આપ્યા છે. બીએનપી પક્ષ આમ તો ભૂતકાળમાં ભારત માટે મુશ્કેલીઓ ઉભી કરનાર પક્ષ તરીકે જાણીતો રહ્યો છે અને તારીકના માતા ખાલેદા ઝિયાના વડાપ્રધાનપદ વખતે ભારત માટે કેટલીક તકલીફો ઉભી કરવામાં આવી હતી. શેખ હસીનાના સમયમાં ભારત સાથે બાંગ્લાદેશનું વર્તન મિત્રાચારીભર્યું હતું પણ હસીનાને પદભ્રષ્ટ કરાયા અને ભારતે તેમને આશરો આપ્યો પછી બંને દેશો વચ્ચે ખાસ્સી કડવાશ સર્જાઇ હતી. અને તેના પછી હવે બીએનપી સત્તા પર આવ્યો છે, જે અગાઉ કંઇક ભારત વિરોધી પક્ષ રહ્યો છે. જો કે ખાલેદાના પુત્ર તારીક પહેલી વખત વડાપ્રધાન બન્યા છે અને તેમણે ભારત સાથે મિત્રતાના સૂર કાઢ્યા છે. આશા રાખીએ કે બંને દેશો વચ્ચે કડવાશ દૂર થાય અને મિત્રતા ફરી સ્થાપિત થાય.

શેખ હસીનાના પતન અને તેમને ભારતમાં આશરો અપાયા બાદ બાંગ્લાદેશમાં ખાસ્સી હિન્દુ વિરોધી હિંસા થઇ હતી. હવે તારીકની સરકારે લઘુમતિઓના હિતોના રક્ષણ અને સર્વસમાવેશકતાની વાત કરી છે તે સારી બાબત છે. તેમણે પોતાની સરકારમાં હિન્દુ મંત્રીને પણ સ્થાન આપ્યું છે. બાંગ્લાદેશની નવી સરકારમાં બે લઘુમતિ મંત્રીઓ છે જેમાં એક હિન્દુ અને એક બૌદ્ધ છે. મંત્રીઓમાં હિન્દુ સમુદાયના નેતા નિતઈ રોય ચૌધરી પણ સામેલ છે. વરિષ્ઠ હિન્દુ નેતા રહેમાનના મંત્રીમંડળના 25 કેબિનેટ મંત્રીઓ પૈકીના એક છે. અવામી લીગના કટ્ટર આલોચક એવા નિતઈ રોય ચૌધરીએ 2023માં ઇન્ડિયા ટુડે ગ્રુપ સાથેના એક ઇન્ટરવ્યુમાં બાંગ્લાદેશમાં મોટાભાગની કોમી હિંસા માટે શેખ હસીનાની આગેવાની હેઠળની પાર્ટીને જવાબદાર ઠેરવી હતી. 12 ફેબ્રુઆરીએ જાતીય સંસદ (બાંગ્લાદેશ સંસદ)ની ચૂંટણીમાં, રોય ચૌધરી BNPની ટિકિટ પર માગુરા-2 થી સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમણે જમાત-એ-ઈસ્લામીના ઉમેદવારને મોટા અંતરથી હરાવીને જીત મેળવી હતી. BNPના વરિષ્ઠ નેતા નિતઈ રોય ચૌધરી વ્યવસાયે વકીલ પણ છે. તેઓ BNPની સેન્ટ્રલ કમિટીના વાઇસ ચેરમેન પણ છે, જે પાર્ટીના ટોચના નેતૃત્વના હોદ્દાઓમાંનો એક છે. આ કમિટી પાર્ટીની રણનીતિ ઘડવા અને વરિષ્ઠ નેતૃત્વને સલાહ આપવા માટે જાણીતી છે. હિન્દુ રાજકારણી ઉપરાંત તારિક રહેમાનના મંત્રીમંડળમાં બૌદ્ધ ચકમા નેતાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જેમનું નામ દિપેન દેવાન છે.

ભારત સરકારે પણ બાંગ્લાદેશની નવી સરકાર સામે મિત્રતાનો હાથ લંબાવ્યો છે. તારીક રહેમાનની સરકારની શપથવિધિમાં ભારત તરફથી લોકસભાના સ્પીકર ઓમ બિરલા અને વિદેશ સચિવ વિક્રમ મિસરી ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું છે અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી(BNP)ના આ નવનિયુક્ત નેતાને તેમની શુભેચ્છાઓ પાઠવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ઢાકામાં રહેમાન સાથે મુલાકાત કરી આમંત્રણ આપતો મોદીનો પત્ર સોંપ્યો હતો. મંગળવારે રહેમાને વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ આ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઢાકામાં શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપ્યા બાદ બિરલાએ જણાવ્યું હતું કે, ભારત એક લોકશાહી, પ્રગતિશીલ અને સર્વસમાવેશી રાષ્ટ્ર બનાવવાના બાંગ્લાદેશના પ્રયાસોમાં સમર્થન આપવા માટે તૈયાર છે. બંને દેશો હાલ તો એકબીજા સાથે મિત્રતા ફરી સ્થાપવાના સંકેતો આપી રહ્યા છે ત્યારે આશા રાખીએ કે બંને દેશો વચ્ચેની કડવાશ દૂર થાય અને મિત્રતાનો નવો અધ્યાય શરૂ થાય.

## બદલાવ



રાજ અને નિશાએ પ્રેમલગ્ન કર્યા, લગ્ન બાદના થોડા દિવસો પ્રેમપૂર્વક વીત્યા. યાદગાર હનીમૂન માણ્યું, પછી રોજિંદુ જીવન, ધીરે ધીરે જવાબદારીઓનો ભાર વધ્યો. રાજ તો કામ પર જતો રહે, રાત્રે ઘણીવાર મોડું પણ થાય, નિશા પર ઘરની જવાબદારી આવી. સાસુ સસરાની સેવા, સવાર સાંજની રસોઈ, મહેમાનો, બહારની બજારની ખરીદી વગેરે વગેરે કામના ઢગલા. નિશા જાણે જવાબદારીઓના ભાર હેઠળ ખોવાઈ ગઈ. હમેંશા કોઈક ગીત ગણગણતી નિશા હવે જાણે ગીતો સાંભળવાનું ભૂલી ગઈ. સરસ તૈયાર થઈને રહેતી નિશાને હવે ઘણીવાર વાળ ઓળવાનો પણ સમય ન મળતો. વાંચનની શોખીન નિશા હવે કામના કારણે છાપું પણ ન વાંચી શકતી. ક્યારેક અકળાઈ જતી. ગુસ્સે થઇ જતી, કોઈવાર પોતાના જીવનમાં આવેલા આટલા બધા બદલાવને સ્વીકારી ન શકતા રડી પડતી. ક્યારેક રાજને ફરિયાદ કરતી. એક દિવસ નિશા લઘરવઘર વેશમાં ઘરની સાફ સફાઈ કરી રહી હતી અને રાજ ઘરે વેહલો આવ્યો. રાજને જલ્દી આવેલો જોઈ રાજી થઇ પણ ચા આપી કામમાં લાગી ગઈ. રાજ અકળાયો, થોડો ગુસ્સે થઇ બોલ્યો ‘તારા વેશ જો, મારી સાથે બેસીને ચા પણ તું પી નથી શકતી. બહુ બદલાઈ ગઈ છે તું. તારો સ્વભાવ પણ પહેલાં જેવો નથી રહ્યો.’ નિશા પણ એટલું બોલી ‘સ્વભાવ નહીં ઘણું બદલાયું છે’ અને આંખમાં આંસુ સાથે ત્યાંથી જતી રહી. રાજ ગુસ્સામાં બબડ્યો કે એવું તે શું બદલાયું છે. નિશાએ કઈ જવાબ ના આપ્યો. બીજે દિવસે સવારે નિશાએ રાજ માટે ચાને બદલે કોફી બનાવી. તેનાં રોજના છાપાની જગ્યાએ બીજું છાપું મુક્યું અને તેનાં રોજના નાસ્તા બ્રેડ બટરના સ્થાને નાસ્તામાં ઉપમા બનાવ્યો અને નાસ્તાની ટ્રે અને છાપું ટેબલ પર મુક્યું. રાજ ઉઠીને આવ્યો અને ઉપમા અને કોફી જોઇને ગુસ્સે થયો બરાડ્યો કે ખબર નથી હું રોજ સવારે ચા અને બ્રેડ બટર ખાઉં છું. છાપું હાથમાં લીધું બદલાયેલું છાપું જોઇને વળી ગુસ્સે થયો. આ છાપું કોણે બદલ્યું? હવે નિશા બોલી, ‘‘રાજ એક દિવસ છાપું કે નાસ્તો બદલાયા તો તમને આટલી અકળામણ થઇ. તો પછી મારું તો ઘર બદલાયું, મારી લાઈફસ્ટાઇલ, મારી પ્રાયોરીટીઝ બદલાઈ ગઈ. મારા શોખ, મનગમતી પ્રવૃતિઓ તો ભૂલાય જ ગઈ. અરે મારું તો આખું અસ્તિત્વ બદલાઈ ગયું અને તમને શું દેખાયું કે મારો સ્વભાવ બદલાઈ ગયો છે.’’ રાજ ને ભૂલ સમજી ગઈ દુનિયા છોડી તમારી પાસે આવનાર પત્નીને પ્રેમ સાથે માન પણ આપો.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

# બાંગ્લાદેશમાં તારિક રહેમાનનો ઉદય: ભારત માટે નવી આશા કે પડકાર?

### 20 વર્ષ પછી સત્તામાં વાપસી: તારિક રહેમાનના નેતૃત્વ હેઠળ ભારત-બાંગ્લાદેશ સંબંધોનું ભવિષ્ય

**ફિંગર પ્રિન્ટ**
**શેખર ઐયર**

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના નેતૃત્વ હેઠળના ગઠબંધનને દેશની સંસદીય ચૂંટણીમાં બે તૃતીયાંશ બહુમતી સાથે ભવ્ય વિજય મેળવ્યો છે. બીએનપી ન અધ્યક્ષ તારિક રહેમાને વડા પ્રધાન તરીકે પદભાર સંભાળ્યો છે. બીએનપી 20 વર્ષ પછી ફરી સત્તામાં આવી છે. રહેમાન દાયકાઓ પછી બાંગ્લાદેશના પ્રથમ પુરુષ વડા પ્રધાન બન્યા છે.

વિવિધ કેસોને કારણે 20 વર્ષના દેશનિકાલ પછી રહેમાન ઢાકા પરત ફર્યા છે. તેઓ અગાઉની અવામી લીગ સરકાર દરમિયાન દેશ છોડી ગયા હતા. તેમની માતા અને પૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાના અવસાનના ગણતરીના દિવસો પહેલાં જ તેઓ બાંગ્લાદેશ પરત ફર્યા હતા.

ઓગસ્ટ 2024માં શેખ હસીના સરકારના પતન પછી બાંગ્લાદેશમાં આ પ્રથમ રાષ્ટ્રીય ચૂંટણી હતી. હાલ ભારતમાં દેશનિકાલમાં રહેતા હસીનાએ આ ચૂંટણીને ‘કપટપૂર્ણ, મતદાર વિનાની, ગેરકાયદે અને ગેરબંધારણીય’ ગણાવી છે. તેમણે આ ચૂંટણી રદ કરવાની અને મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસના રાજીનામાની માંગ કરી છે. હસીનાની પાર્ટી અવામી લીગ, જેણે 2008થી 2024 સુધી બાંગ્લાદેશ પર શાસન કર્યું હતું, તેને આ વખતે ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

સંસદ (જાતીય સંગઠન)માં બે તૃતીયાંશથી વધુ બેઠકો હોવા છતાં બીએનપી સામે આગળ અનેક પડકારો છે. ઓગસ્ટ 2024માં પૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા બાદ રહેમાન પ્રથમ ચૂંટાયેલી સરકારના વડા હશે. હસીના અત્યારે ભારતમાં રહે છે. તેમની સૌથી મોટી ઉપલબ્ધિ જમાત-એ-ઈસ્લામીના પડકારને પાર કરવાની છે, જેના ગઠબંધને સંસદમાં લગભગ 75 બેઠકો જીતી છે. ઐતિહાસિક રીતે, જમાતે 1971ના યુદ્ધમાં પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું અને તેથી તેને પાકિસ્તાન તરફી અને ભારત વિરોધી માનવામાં આવે છે. 1971ની હિંસામાં બાંગ્લાદેશના લોકો વિરુદ્ધ જમાતની ભૂમિકા (રઝાકારોની સાથે), જ્યાં હિંદુઓ પર અત્યાચાર કરવામાં આવ્યા હતા, તે જગજાહેર છે. જમાતે 1971માં પાકિસ્તાનના નરસંહાર અભિયાન સાથે જોડાઈને બાંગ્લાદેશની રચનાનો વિરોધ કર્યો હતો. તે લાંબા સમયથી કટ્ટરપંથી વિચારધારા, શરીયતની સર્વોપરિતા અને પાકિસ્તાન પ્રત્યે નરમ વલણ ધરાવે છે. હસીના સરકારના પતન પછી આ પક્ષ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો અને ચૂંટણી લડવાની મંજૂરી મળી હતી.

ભારત માટે સદભાગ્યે, બાંગ્લાદેશના લોકોએ આ ચૂંટણીમાં સત્તા આ ઈસ્લામવાદી પક્ષના હાથમાં સોંપી નથી. જમાતના નેતૃત્વવાળી સરકાર ભારત માટે વ્યૂહાત્મક દુ:સ્વપ્ન સમાન હોત. તેનો અર્થ એ થાત કે બાંગ્લાદેશ પાકિસ્તાન અને ચીન તરફ વધુ નમેલું રહેત, જે છિદ્રાળુ સરહદ દ્વારા ભારતમાં આતંકવાદી નેટવર્ક ફેલાવી શકતે અને હિંદુઓ તથા અન્ય લઘુમતીઓ પર હુમલા વધારી શકતે. જોકે, એક મજબૂત વિપક્ષ તરીકે, જમાત હવે નવી સરકારને વધુ ઈસ્લામિક નીતિઓ અપનાવવા માટે દબાણ કરવાનો પ્રયાસ કરશે.

કેટલાક લોકો સાવચેત કરી રહ્યા છે કે, બીએનપી સત્તામાં આવતા ભારત માટે ચિંતાનાં કારણો છે. કારણ કે, પાર્ટીનો ઈતિહાસ ભારત વિરોધી રહ્યો છે. જ્યારે ખાલિદા ઝિયા બાંગ્લાદેશના વડાં પ્રધાન હતાં ત્યારે દેશ ઉત્તર-પૂર્વીય ભારતના અલગતાવાદી દળો, ખાસ કરીને ઉલ્ફા (યુએલએફએ) માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયો હતો. એવો પણ આરોપ છે કે, 2001-2006ના બીએનપી શાસન દરમિયાન પાર્ટીએ ભારત મોકલવામાં આવેલા હથિયારોના મોટા જથ્થા પ્રત્યે આંખ આડા કાન કર્યા હતા. પાર્ટીએ એવા ગઠબંધનનું નેતૃત્વ પણ કર્યું હતું જેણે ભારત વિરોધી નિવેદનો અને લઘુમતીઓ સામેની હિંસા પ્રત્યે સહિષ્ણુતા દાખવી હતી.

પરંતુ રહેમાને કેટલાક પ્રોત્સાહક સંકેતો આપ્યા છે. તેમની ‘બાંગ્લાદેશ ફર્સ્ટ’ નીતિ મોટી સત્તાઓથી સમાન અંતર જાળવવા પર ભાર મૂકે છે, પરંતુ સીધી દુશ્મનાવટ નહીં. તાજેતરના અઠવાડિયામાં, તેમણે ‘પરસ્પર સન્માન’ અને આર્થિક ભાગીદારીની વાત કરી છે, જે યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન જોવા મળતા ખુલ્લેઆમ ભારત વિરોધી અભિયાનથી અલગ છે.

બીજી મહત્ત્વની હકીકત ભારતની મુત્સદ્દીગીરી અને સક્રિય કાર્યવાહી છે. કારણ કે, બાંગ્લાદેશમાં ઊથલપાથલ દરમિયાન ભારત સરકાર શાંત બેસી રહી ન હતી. ડિસેમ્બર 2025માં રહેમાન 17 વર્ષના યુકેના દેશનિકાલમાંથી પાછા ફર્યા પછી ભારતે ઝડપથી તેમની સાથે સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો. વિદેશ મંત્રી એસ. જયશંકરે ખાલિદા ઝિયાના નિધન પર શોક વ્યક્ત કરવા ઢાકાની મુલાકાત લીધી હતી. મંત્રીએ પીએમ મોદીનો વ્યક્તિગત પત્ર પણ પહોંચાડ્યો હતો.

રહેમાન માટે તેમની પ્રાથમિકતા અર્થતંત્રને પુનર્જીવિત કરવાની અને ભારત સાથે વેપાર સંબંધો પુન:સ્થાપિત કરવાની હોવી જોઈએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન પાઠવ્યા છે. રહેમાન ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ઈચ્છે છે અને તેમણે બાંગ્લાદેશમાં લઘુમતી એવા હિંદુઓને સંપૂર્ણ સુરક્ષા આપવાનું વચન આપ્યું છે. ભારત આશા રાખે છે કે, જમાત-એ-ઈસ્લામીના પ્રયાસો છતાં તેઓ પોતાનું વચન પાળશે. મોદી અને રહેમાન સરકારોએ શેખ હસીનાના મુદ્દાને ઉકેલવામાં અત્યંત સાવચેતી રાખવી પડશે, જેઓ ઢાકામાં વોન્ટેડ છે, પરંતુ ભારતમાં સન્માનિત અતિથિ તરીકે છે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વેકેશન વિદ્યાર્થીઓના મુક્ત શિક્ષણનો આધાર બને છે

**અવારનવાર**
**ડો.નાનક ભટ્ટ**

જૂના વખતમાં ક્રીડાંગણની પ્રવૃત્તિઓ ધમધમતી, સાંજ પડે એટલે બાળક ૨-૩ કલાક મેદાન વચ્ચે ધમરોળાય, કબડ્ડી, ખો-ખો, લંગડી જેવી ભારતીય રમતમાં બાળક શરીર સ્વાસ્થ્ય તે પામે. સાથોસાથ હિંમત, વિશ્વાસ, સંતુલન, સમૂહમાં કામ આટોપવાની પદ્ધતિ વિગેરે શીખે. પણ શહેરીકરણે રમતનાં મેદાન છીનવી લીધાં. હવે તે શાળામાં જે કાંઈ વધારાની તાલીમ મળે તે ખરી. આથી નઈ તાલીમની એક શાળાએ ૧૫ વર્ષના બાળક માટે તેમની શક્તિની મર્યાદામાં રહી ઘરમાં વાળવું, પોતાં કરવાં, શાક સમારવું, સોય દોરાથી કપડું સાંધવું, બટન ટાંકવાં, ઈલેક્ટ્રિક ફ્યુઝ બાંધવો, નળનું વૉશર બદલવું, સાયકલનાં વ્હીલનું પંકચર સાંધવું, બેંકમાં જઈ ચેક ભરવો, તાર કરવો, રેલવેની ટીકીટ લેવી, સૂર્યનમસ્કાર જાણવા, રંગકામ કરવું વિગેરે તાલીમો ગોઠવવી. બાળકો શાળા સમય પછી દિવસ દરમિયાન ૨ કલાક મળતાં અને અવનવું જાણતાં. આ તાલીમી કાર્યક્રમમાં બાળકોને ખૂબ મજા પડી. સવિશેષ મા-પિતાને પણ પોતાનું બાળક કંઈ ઉપયોગી થવાનું કામ શીખ્યું છે તેનો આનંદ રહ્યો.

શહેર કે ગામડાંમાં રહેતું બાળક ભણવા-વાંચવા ટી.વી., સીનેમા જોવાં, શેરીમાં રમવા કે પાર્ટીઓમાં જવા ઉપરાંત રોજબરોજના જીવનની તાલીમ મેળવે તે જરૂરી બને છે. આમ થવાથી બાળક સ્વાવલંબી બને છે અને પ્રવૃત્તિઓ થકી જ તો વ્યક્તિ અને કુટુંબ માનસિક રીતે તંદુરસ્ત રહે છે! પરંતુ જીવનશક્તિનાં સ્રોત તરીકે જ્યારથી પૈસાનું સ્થાન મજબૂત થયું છે ત્યારથી કેટલાક અનર્થો પણ સર્જાયા છે.

પૈસા ન ખર્ચવા પડે તે માટે વાલીઓ બાળકને ઘરકામ, ઈલેક્ટ્રિક કામ, બાગ-બગીચાનું કામ કે પછી વાહન રીપેરનું કામ કરવા સૂચવે છે. પણ આ સંબંધ લાભનો છે. આ ઉપયોગિતાવાદ બીજાઓના સંદર્ભમાં છે. આથી આવી તાલીમ બાળકને નિજાનંદ આપનાર બનતી નથી. બીજી તરફ શહેરોમાં એવાં કુટુંબો પણ જોવા મળે છે કે જે ઘરની નાની દીકરી વાસણ ધોતી હોય તો તેને રોકી મા કહેશે, ‘‘તું કામવાળી છે?’’, પુત્ર પોતાની સાયકલ સાફ કરતો હોય તો બાપ કહેશે, ‘‘૨-૫ રૂપિયા માટે તું સમય ન બગાડ’’. બાળકોમાં નિજાનંદ અને વિશ્વાસ ઉમેરતાં ઈન્દ્રિય શિક્ષણ, સમાજ શિક્ષણના આ પ્રકારનાં કામોથી બાળકને દૂર રાખવું વ્યાજબી નથી.

ગામડાંના વાતાવરણમાં ઉછરતાં બાળકો સંબંધે વાત કરીએ તો આજે ગામડાંમાં ઊગતાં શાકભાજી શહેરોમાં વેચાણ અર્થે આવી જાય છે. ગામડાંમાં પશુપાલન થાય છે પણ દૂધ શહેરની ડેરીમાં વેચવા આવી જાય છે. ખેડૂતો તત્કાળ પૈસાની લાલચે પોતાના ઘરે રોટલો, છાશ ને ચટણી ખાઈને ચલાવી લે છે અને શહેરોમાં ખેતીનું ઉત્પાદન મોકલી આપે છે. ગામડાંમાં બદલાયેલા માર્કેટ સ્ટ્રક્ચરના લીધે ગ્રામ બાળકની પ્રથમ ૮ વર્ષની ઉંમરમાં તેને પોષક આહારની જે ખામી સહેવી પડે છે તેથી તેના બૌદ્ધિક વિકાસને જ ક્ષતિ પહોંચે છે. અમુલ દૂધ મંડળીનાં ખેડા જિલ્લાનાં ગામોમાં આ વિગતે થયેલા અભ્યાસમાં કુપોષિત માતૃત્વ અને બાળકનાં આંકડા જમીનની સ્થિતિ દર્શાવે છે.ગામડાંનાં બાળકમાં જે હૈયાસૂઝ છે, આવડત છે, તેથી તદ્દન વિરુદ્ધ બાળકને શહેરીકરણની છાપ ધરાવતા પુસ્તક દ્વારા આપણે શિક્ષિત કરવા માગીએ છીએ. તેથી કરી ગામડાંમાંથી આજે ઈજનેર, ડૉકટરો, વૈજ્ઞાનિકો ઓછાં મળતાં થયાં છે અને ટી.વી.ની ચેનલો અને મોબાઈલ સ્ક્રીનનાં આક્રમણ વચ્ચે ગામડાનું બાળક નથી તે ગ્રામીણ રહેતું કે નથી શહેરી. નવી પેઢીના આવા અધકચરા વિકાસ બાબતે પણ ગંભીરતાથી વિચાર કરવો પડશે.

બાળકની માનસિક્તાને અનુરૂપ શિક્ષણ-વ્યવસ્થા ઘડાય તે માટે ક્ષમતાલક્ષી શિક્ષણ, તરંગ ઉલ્લાસ શિક્ષણ, MLL, પ્રેરણાશિક્ષણ તેમ અનેક વિકલ્પો મેદાનમાં ઉતારી બાળકેળવણી ક્ષેત્રે આજકાલ પ્રયોગો ચાલે છે. જે પૈકી કોઈ એકને શ્રેષ્ઠ સાબિત કરવા કરતાં બાળક માટે અનુરૂપ શિક્ષણની વાત થાય તો સારું. બાળકને આનંદ અને વિશ્વાસ વધે તેવું મોજીલું શિક્ષણ અપાય તે સારું.

બાળશિક્ષણના કાર્યક્રમો વિચારતાં સમયે એ પણ જોવું પડશે કે વર્ષ ૨૦૪૭નો સમય કેવો હશે! તે સમયે આજનું બાળક યુવક બની ઊભું રહેશે તો તેને શાં પરિમાણોથી સજ્જ કરવું પડશે? આજનું શિક્ષણ આવતી કાલના રાષ્ટ્રના નિર્માણ માટેનું શિક્ષણ બની રહેશે.

વિચારની દિશામાં એક પ્રયોગ વડોદરા જિલ્લામાં થયો. ગામ કલાલી અને આસપાસનાં ૬ ગામોનાં ૧૨૭ બાળકોએ જીવન શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. માસ દરમિયાનના શિબિરનો હેતુ ગ્રામ બાળકોને પોતાના રોજિંદા જીવનમાં સંપર્કમાં ન આવતા વિષયોથી પરિચિત કરાવવાનો હતો. આથી તેઓને ચિત્રકામ, કુંભારીકામ, સુથારીકામ, કાગળકામ, ફૂલઝાડની ખેતી, સંગીત, નાટક જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલી. સંસ્થાના પ્રાંગણમાં બાળકો સવારે ૯ થી સાંજે ૫ સુધી પોતાની પસંદગીની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતાં. ધોરણ ૮ થી ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ માટેની શિબિરમાં સ્વાસ્થ્ય પ્રત્યે વડીલોનું લક્ષ ખેંચવા પોષક આહારની પણ ખાસ વ્યવસ્થા હતી.

રોજિંદા જીવનમાં જોવામાં આવતી ચીજવસ્તુઓના ઉત્પાદનની પદ્ધતિ શી હોય છે? તે અંગેની વિદ્યાર્થીઓની સહજ કુતૂહલ વૃત્તિને વિકસાવવા શિબિર દરમિયાન દૂધની ડેરી અને બિસ્કીટ ઉદ્યોગની મુલાકાત પણ ગોઠવવામાં આવી. માહિતીનું સાતત્ય કેળવણી સાથે અનુબંધમાં પલટાય તે માટે બાળકોને એક દિવસ સર્કસ જોવા લઈ જવામાં આવેલાં. બાદ બીજા દિવસે બાળકોને ચિત્ર અને માટીકામના માધ્યમથી પોતે જોયેલ સર્કસની અનુકૃતિ વ્યક્ત કરવાની તક આપવામાં આવી.

આજે આપણાં ગામડાંઓમાં અને શહેરોમાં શિક્ષણનો અર્થ અક્ષરજ્ઞાન પૂરતો સીમિત બન્યો છે. આથી સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે શિક્ષણ કામનું રહ્યું નથી તેવી પ્રતીતિ સાર્વત્રિક છે. આ પ્રકારનાં અવલોકનોના પરિપ્રેક્ષ્યમાં શિબિરાર્થીઓને સ્વચ્છતા, સમૂહમાં કામ કરવાની પદ્ધતિ, ત્વરિત નિર્ણય લેવાની તાલીમ આપતા કાર્યક્રમો પણ યોજવામાં આવેલ. બાળકો માટે અનુરૂપ કેળવણીની શોધ માટે યોજાયેલો આ પ્રકારનો શિબિર ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહ્યો હોવાથી તેના સંચાલન માટે Child Development ના અભ્યાસમાં નિષ્ણાત કાર્યકરને પસંદ કરવામાં આવેલ. જેના પરિણામે બાળકના વિકાસમાં વડીલોની ભાગીદારી પણ અસરકારક રહી હતી. એક માસ સુધી ચાલેલા શિબિરના અંત ભાગે બાળકો દ્વારા તૈયાર થયેલી અવનવી ચીજોનું પ્રદર્શન અને રંગારંગ કાર્યક્રમ યોજાતો રહ્યો.

‘‘આજનું બાળક આવતી કાલનું નાગરિક છે’’ તેવું કહેવામાં આવે છે પણ આવતી કાલના નાગરિકના ઘડતર માટેની આજ કંઈક અંશે દિશાહીન અને પ્રાયોગિક સ્થિતિમાં જોવા મળે છે ત્યારે શિક્ષણની પ્રક્રિયામાંથી સમાજના પ્રશ્નોના નિરાકરણરૂપ અને વિશેષતઃ નવા સમયમાં પડકાર ઝીલી લે એવાં યુવકો તૈયાર કરવા માટે આપણે શિક્ષણના સૈદ્ધાંતિક માળખાની બહાર આવી બાળકને શરીરથી તંદુરસ્ત અને મનથી સ્વસ્થ બનાવે તેવા શિક્ષણને અપનાવવું પડશે. કૌશલ વિકાસની તકનિક સાથે વિદ્યાર્થીને જોડવાં પડશે.

શિક્ષણવિચાર દ્વારા નિર્ધારિત પરિણામો મળતાં નથી ત્યારે શિક્ષણકારો માનવીય શિક્ષણની વાતો કરવા સરી પડે છે પણ ભારતીય સંસ્કૃતિમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં મૂલ્ય શિક્ષણની વાત કહેવાએલી જ છે. આથી હવે બદલાયેલા સામાજિક માહોલનો સ્વીકાર કરી પદ્ધતિ આધારિત વિકાસના શિક્ષણને વિસ્તારી નવી પેઢીને ઘડવાનું કામ કરવું પડશે અને તો જ આઝાદીનાં શતાબ્દી વર્ષે નવા ભારતના સર્જન માટે તત્પર થઈ શકીશું.

જરૂર છે શહેર અને ગામડાંમાં વસતા બાળકને ખડતલ શરીર અને મજબૂત મનનાં નિર્માણ માટેના સર્જનાત્મક હેતુ સાથે સાંકળવાની અને તે બળવત્તર કરવા શિક્ષણનો સાધન તરીકે ઉપયોગ કરવાની.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગાંધી મેળાની ઉજ્જવળ પરંપરા

તારીખ અગિયાર અને બાર ફેબ્રુઆરીના રોજ ગાંધી વિધાપીઠ, વેડછીના ઉપક્રમે ઉકા તરસાડિયા યુનિવર્સિટી, માલીબા કેમ્પસ,બારડોલી ખાતે યોજાયેલા સુરત અને તાપી જિલ્લાના સિત્તોતેરમા ગાંધી મેળામાં જવાનું થયું. ત્યાંનો માહોલ અને ઉત્સાહ જોઈ ખૂબ ખૂબ જ આનંદ થયો. હજી છેક નિરાશ થવા જેવું નથી એવું અનુભવાયું. સુંદર અને ભાવસભર આયોજન બદલ સૌ આયોજકો અને સ્વાગત સમિતિના સૌ સભ્યોને અભિનંદન આપવા જે પડે.સતત સિત્તોતેર વર્ષ સુધી અવિરત અત્યંત સફળતાપૂર્વક ગાંધી મેળો યોજાય એ નાની સૂની વાત નથી.વર્તમાન સમયમાં આપણે જે અનેક સમસ્યાઓથી ગ્રસ્ત છીએ એની પાછળનું એક કારણ એ પણ છે કે આપણે ગાંધીજીના વિચારો મુજબ આપણી શિક્ષણ અને સમાજ વ્યવસ્થા ગોઠવવામાં નિષ્ફળ ગયા છીએ.નવી પેઢીને ગાંધી વિચાર તરફ પુનઃ વાળવામાં ગાંધી મેળો મૂલ્યવાન પ્રદાન કરી શકે એમ છે. ભવિષ્યમાં વધુને વધુ શાળાઓ, વિધાર્થીઓ અને અન્ય લોકો પણ તેનો વધુને વધુ લાભ લે એ અપેક્ષિત છે.

**નવસારી - ઈન્તેખાબ અનસારી**

## સંબંધોની મર્યાદાઓ જાળવીએ

તાજેતરમાં સુરતની એક હોટલમાં જે ઘટના બની, તેણે માનવ સંબંધોની ગરિમા પર અનેક સવાલો ઉભા કર્યા છે. પતિ અને પત્ની બંને એકબીજાને છેતરીને પોતપોતાના પ્રેમી-પ્રેમિકા સાથે એક જ સ્થળે મળી આવે, એ ઘટના માત્ર કૌટુંબિક ઝઘડો નથી, પણ આપણા સમાજમાં આધુનિક સંબંધોમાં ઘટતી જતી વફાદારી અને વકરતી બેશરમીનું પ્રતિબિંબ છે. સામાન્ય રીતે માણસ જ્યારે પોતાની નૈતિક ભૂલ પકડાય ત્યારે તે ક્ષોભ કે નાનમ અનુભવતો હોય છે, પરંતુ અહીં તો જાહેરમાં એકબીજા પર આક્ષેપો કરી તમાશો કરવામાં આવ્યો. પોતાની ભૂલ પકડાયા પછી બંને પક્ષે જે ‘ચોરી પર સીનાજોરી’ કરવામાં આવી તે બહુ ગંભીર અને આશ્ચર્યજનક બાબત છે. શું આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં વફાદારીની કોઈ કિંમત જ નથી રહી? વિચારવા જેવો મુદ્દો એ પણ છે કે સંબંધોમાં પારદર્શિતાનો બિલકુલ અભાવ છે. લગ્ન જેવા પવિત્ર બંધનમાં પણ જ્યારે અવિશ્વાસ ઘર કરી જાય, ત્યારે આવા પરિણામો આવે છે. જો સમાજમાં પરિવાર રૂપી એકમ જ સુરક્ષિત કે પ્રામાણિક નહીં રહે, તો આવનારી પેઢીને આપણે કેવા સંસ્કારો આપીશું? આ ઘટના માત્ર સુરતની નથી, પણ સમગ્ર માનવજાત માટે લાલબત્તી સમાન કિસ્સો છે કે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ. સમય આવી ગયો છે કે આપણે ‘ગ્લેમર’ અને ‘આઝાદી’ ના નામે સંબંધોની મર્યાદાઓ ન ઓળંગીએ.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## ભિક્ષુકોની સમસ્યા અત્ર, તત્ર સર્વત્ર

આપણા શહેરમાં કે અન્ય રાજ્યના શહેરોમાં ભિક્ષુકોની સંખ્યા વધતી જાય છે એ સર્વવિદિત ઘટના છે. ઘણીવાર ભિક્ષુક બહેનો કે ભાઈનો સ્વસ્થ કાયા હોવા છતાં ભીખ માંગતા દશ્યમાન થાય છે. કામચોરી એમને સદી થઇ ગઇ હોય છે. શું આપણે પણ પરોક્ષ રીતે એમની કામચોરીને પોષતા નથી. ઘણીવાર અન્ય રાજ્યોમાંથી અપહરણ કરેલા બાળકોને ભિક્ષુક બનાવી દેવાય છે. અણસમજુ બાળક પોતાના શહેર કે રાજ્યનું નામ કે માતા-પિતાનું નામ બતાવી શકતુ નથી અને ભિક્ષુક ગેંગ એનો ગેરફાયદો ઉઠાવે છે. ક્યારેક ટ્રેનમાં કે અન્ય સ્થળે કિન્નરો પણ કનડગત કરી દાદાગીરીથી નાણા ઉઘરાવતા જણાય છે. ઘણી વ્યક્તિ એમની અવળીવાણીથી ડરી જઇ નાણા આપી દેતા હોય છે. આ બાબત કેટલા અંશે યોગ્ય કહેવાય. જરૂરીયાતમંદની મદદ કરવી એ શ્રેષ્ઠ ભાવના કહેવાય. પણ એમને નાણા આપીને એમની કામચોરીને પ્રોત્સાહન આપવુ અયોગ્ય જ કહેવાય. ભિક્ષુક માતા-પિતાઓ એ એમના બાળકોને નાનાપણથી જ ભીખ માંગવા માટે કેળવેલા હોય છે અને દયાભાવ રાખી એકને જ જાય. સમગ્ર સાંકળ જ રચાયેલી હોય છે. ચાર રસ્તે વાહન આપણે સાફ કરવવુ હોય કે ન કરાવવું હોય એમની મુનસફી મુજબ સાફ કરવા જ મંડી પડે છે. નાણા નહીં આપી એ તો ગુસ્સે ભરાઈને અવળીગવળી બોલે. આ ક્યાંનો ન્યાય? ભિક્ષુકોને કામ આપીને પણ એમનું ભવિષ્ય સુધરી શકાય. પણ એમની કામ કરવાની દાનત પણ હોવી જોઇએ એ? જમવાનું આપીએ તો ફેંકી દઇ નાંણાની જ માંગણી કરે. વિદેશમાં પણ ભિક્ષુક હશે પણ અહીંના જેટલી દાદાગીરી કદાચિત ન પણ હશે.

**સુરત - નેહા શાહ**

## સંબંધોનો સરવાળો, વેરની બાદબાકી

માનવી એક સામાજિક પ્રાણી છે. પરસ્પર સંબંધથી જોડાયેલો છે કેમકે સમાજ સાથેની દુનિયાદારી નિભાવવાની હોય છે. વ્યક્તિના વધુ સંબંધો હોય તો જે તે સમયે ઉપયોગી નિવડે છે અને અનેક કામો આસાનીથી થઈ શકે છે. સંબંધો એ વ્યક્તિના સ્વભાવ અને પ્રભાવના કારણે વિકસે છે. આથી જેમ બને તેમ સંબંધો વધારવાનો પ્રયાસ કરો અને સંબંધોનો સરવાળો કરો. જ્યારે સમાજ વેરનું પ્રમાણ વધતું જાય છે તેની પાછળ પણ માણસનો તામસી સ્વભાવ જવાબદાર છે. આથી સીતારામ પરિવારના સદ્ગુરુ પૂજ્ય બાલુરામ બાપુ કહે છે,કે માણસે બદલો લેવાની ભાવના કરતાં બદલાવ લાવવાની જરૂર છે. વેરથી વેર શમતું નથી. આથી વેરની બાદબાકી કરો તો જીવન ધન્ય અને નંદનવન જેવું બની જશે. બને ચાહે દુશ્મન જમાના હમારા સલામત રહે,દોસ્તાના હમારા સંબંધોમાં સુવાસ છે. વેરમાં બદબૂ ભરેલી હોય છે.

**તરસાડા - પ્રવીણસિંહ મહિડા**

## ફેબ્રુઆરી

આપણા ઘરમાં ભીંતે લટકતા બાર મહિનાના કેલેન્ડરમાં સૌથી નાનકડો મહિનો એટલે ફેબ્રુઆરી. આ ફેબ્રુઆરી મહિનો એટલો ચૂપચાપ છાનોમાનો આવે છે. ચાર અઠવાડિયાં રોકાય અને પછી વિદાય થાય. આ છે સૌથી નાનો મહિનો પણ આપણા માટે વિશિષ્ટ સંદેશો આપી જાય છે. એનું મહત્ત્વ લંબાઈમાં નહીં પણ ઊંડાણમાં છે. એ એના વામન કરમાં વિરાટ સપનાં ભરીને લાવે છે. એકત્રીસ દિવસના જાન્યુઆરી અને એકત્રીસ દિવસના માર્ચની વચ્ચે ઊભેલા ફેબ્રુઆરીએ પોતાની આગવી ઓળખ ઊભી કરવા કોઈ પ્રયત્ન કરવા પડ્યા નથી. એ ફેબ્રુઆરી છે એ જ ઓળખ એની પૂરતી છે. શિયાળાની સખત ઠંડી અને ઉનાળાની કાળઝાળ ગરમીના મહિનાઓની વચ્ચે ફેબ્રુઆરી મહિનો ઉષ્માનો પુલ છે. એ કેસુડાંની છડી પોકારતો આવે છે. એના હ્દયમાં વસંત છે અને આંખોમાં વેલેન્ટાઈન ડે ની મસ્તી છે. વળી શંકર ભગવાન એટલે કે ભોળાનાથની મહાશિવરાત્રી ઘીનાં કમળ અને ભાંગના પ્રસાદની પણ આપણને ભેટ આપી જાય છે. બીજા મહિનાની સરખામણીમાં એને ઓછો સમય મળ્યો છે પણ જીવનમાં ગુણવત્તાનું મહત્ત્વ સમજાવી જાય છે. ફેબ્રુચારી મહિનો આપણને એ શીખવે છે કે કોઈ પણ બાબતનું મહત્ત્વ એના જથ્થા પરથી નહીં પણ વ્યક્તિના ગુણ, સંસ્કાર અને ચારિત્ય પરથી નક્કી થાય છે. આવો છે સોહામણો, કામણગારો આપણો ફેબ્રુઆરી મહિનો. નાનો છતાં મહત્ત્વપૂર્ણ છે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## ફેશલેસ ફરિયાદ વિભાગ ચાલુ કરો

સુરત મહાનગરપાલિકા,રાજ્ય સરકારના વિભાગ હોય કે કેન્દ્ર સરકારના વિભાગમાં અધિકારી રાજ ચાલે છે.આ સરકારી વિભાગોમાં કોઈ સામાન્ય નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવેતો ફરિયાદ નો નિકાલ થતો નથી. દા.ખ તરીકે SMC દબાણ અથવા ગેરકાયદેસર બાંધકામ ની ફરિયાદ કોઈ સામાન્ય નાગરિક કરે તો એ ફરિયાદ ની માહિતી અધિકારીઓ જે વ્યક્તિ ઉપર ફરિયાદ હોય તેઓને પહોંચી જાય છે.અને જો કોઈ તોડપાણી વાલાએ ફરિયાદ કરેલી હોય તો તે સેટિંગ કરી લે છે.પણ કોઈ વ્યક્તિને શહેરની લાગણી હોય અને તે ફરિયાદ કરે તો,તે સામાન્ય વ્યક્તિ ને હેરાન કરવામાં આવે છે.પરિણામે કોઈ રાષ્ટ્રપ્રેમી નાગરિક આવી ઝંઝટ થી દુર રહે છે.એટલે આજે સરકારી વિભાગ પરથી લોકોને વિશ્વાસ ઉઠી ગયો છે.જો સરકાર દ્વારા ‘ફેશલેસ’ફરિયાદ વિભાગ ચાલુ કરવામાં આવે.તેનો ટેલિફોન નંબર જાહેર કરવા માં આવે અને ફરિયાદી ના નામ અને મોબાઈલ નંબર કોમ્પ્યુટર પર દેખાય નહિ એવી સિસ્ટમ વિકસાવવા માં આવે.અથવા તે વિભાગમાં પોસ્ટ દ્વારા ફેશલેસ ફરિયાદ મંગાવવા માં આવે. તો લાખો ફરિયાદ નો ઢગલો થઈ જશે.ત્યારે ખબર પડશે કે લશ્કર ક્યાં લડી રહ્યું છે..!

**સુરત - કિરીટ મેઘાવાલા**